 ISSN: 2349-6002

# સંસ્કૃતિ અને વારસો આપણી ઓળખ

Zala Alpeshsinh Madarsangbhai[1], Dr. Jayeshkumar I. Patel[2]
[1]*Ph.D. Scholer Shri Govind Guru University Vinzol Godhra*
[2]*SMT. H.C. Patel Arts and Commerce College Miyagam Karjan*
*doi.org/10.64643/IJIRTV12I8-191484-459*

## પ્રસ્તાવના

પ્રાચીન સમયથી ભારત ઘણું વિશાળ છે. પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ આ ત્રણેય દિશાએથી સમુદ્રનું તેમજ ઉત્તર દિશાએથી હિમાલયની ગિરિમાળાઓથી રક્ષિત અને કુદરતી વૈવિધ્ય ધરાવતો આપણો દેશ છે. ભારત દેશની સમૃદ્ધિ જોઇને ઘણી વિદેશી પ્રજા લલચાઈને ભારતમાં વ્યાપાર કરવા માટેનો ઉદેશ દેખાડીને ભારતમાં આવ્યા હતા, ત્યાર પછી અહી જ ભારતમાં રોકાઇને ભારતીય સંસ્કૃતિના નિજાનંદમાં ભળી ગયા હતા. ત્યાર પછી એકબીજાની સંસ્કૃતિનું આદાન – પ્રદાન થવાને લીધે દેશમાં ઘણા બધા પરિવર્તનો પણ થયેલા જોવા મળ્યા હતા. આવી જ રીતે એક પેઢીમાંથી બીજી પેઢીમાં આપણા વારસાની સંસ્કૃતિનું હસ્તાંતરણ થયું હતું.

ભારત વિસ્તારની દ્રષ્ટીએ દુનિયાના દેશોની અંદર સાતમું સ્થાન ધરાવે છે. જયારે લોકોની સંખ્યાની દ્રષ્ટીએ જોઈએ તો ભારતની વસ્તીનો બીજો નંબર આવે છે. આ સિવાય ભારતમાં રહેનાર જુદા – જુદા દેશોના લોકોની સાથે રહેવાને લીધે અલગ – અલગ સંસ્કૃતિનું પણ આદાન – પ્રદાન થયું હતું. જેના પરિણામ સ્વરૂપે ભારતીય સંસ્કૃતિ વધારે સમૃદ્ધ બની હતી. સિંધુખીણ સંસ્કૃતિથી લઈને આજ દિવસ સુધીમાં સમયમાં લોકો દ્વારા ભારતને પોતાની બુદ્ધિ, શક્તિ તેમજ કલા કૌશલ્યના માધ્યમથી સમૃદ્ધ બનાવ્યું છે. ભારતના આવા ભવ્ય વારસાના નિર્માણ અને તેના ઘડતરમાં ઘણા બધા ઋષિમુનીઓ, સંતો, વિદ્વાનો, વિચારકો, કલાકારો, કારીગરો, વૈજ્ઞાનિકો, સંશોધકો, સાહિત્યકારો, શિક્ષણશાસ્ત્રીઓ, ઈતિહાસકારો, સમાજસુધારકો, વગેરેનું અગત્યનું યોગદાન રહેલું છે. જુદા – જુદા દેશના ધર્મ, તેમની શાસન પ્રણાલી, તેમની ભાષા, કલા, ચિત્ર, બોલી, પહેરવેશ અને રીત – રિવાજો વગેરે પણ ભારતને મળ્યા હતા. આવી જ રીતે ભારતની ભવ્ય ભાતીગળ સંસ્કૃતિનું નિર્માણ થયું હતું.

## સંસ્કૃતિનો અર્થ

સંસ્કૃતિ એટલે કે, ‘ જીવન જીવવા માટેની રીત ’. દેશ કે સમાજમાં સમયાનુસાર સંજોગો બદલવાથી સામાન્ય લોકોના જીવન ધોરણમાં પણ પરિવર્તન આવ્યું હતું. સંસ્કૃતિ એટલે કે માનવ મનનું ખેડાણ. જેમાં માનવ સમાજની ટેવો, મૂલ્યો, તેમના અચાર – વિચાર, તેમની ધાર્મિક માન્યતાઓ, પરંપરાઓ, તેમની રહેણી કહેણી અને જીવનના ઉચ્ચતમ ધ્યેય સુધી લઇ જવા માટેના આદર્શોનો કુલ મળીને સરવાળો એવું કહી શકાય.

સમાજના વારસાનાફેલાવા માટે ભાષા મહત્વનું સાધન છે. ભાષાની સહાય વગર સમાજનો કોઈ પણ વ્યક્તિ પોતાના વિચારોને વ્યક્ત કરી શકતો નથી. પોતાના વિચારોને વ્યક્ત કરવા માટે ભાષા ખુબ જ આવશ્યક બની ગઈ છે. સંસ્કૃતિ અને ભાષાની વચ્ચે ગાઢ સંબંધ વિચારની સાથે

 ISSN: 2349-6002

જોડાયેલ છે. સંસ્કૃતિના મૂળમાં વિચાર અને વિવેક એ બે બાબતોની અંદર જ રહેલ છે. વિચારવા માટેની શક્તિ ભગવાને માત્ર મનુષ્યને એકને જ આપેલી છે. જેથી તે સારી ખરાબ બધી જ બાબતો વિશે તે વિચારીને તે પોતાના જીવનની અંદર ઘણા બધા ફેરફારો પણ કરી શકે છે. આવા ફેરફારોનો સમાવેશ સંસ્કૃતિની અંદર પણ કરવામાં આવ્યો છે. જે સમાજની પાસે તેના જીવનને વિકસિત કરનારો સશક્ત કેન્દ્રીય વિચાર નથી હોતો એ સમાજની સંસ્કૃતિ શૂન્યવત્ બની જાય છે. સંસ્કૃતિનો પ્રવાહ જીવનના કોઈ કેન્દ્રીય વિચારથી જ પ્રસ્કુરિત થાય છે. વિચાર જેટલો પ્રબળ થશે, સંસ્કૃતિ પણ એટલી જ પ્રબળ થશે.

માનવ પર સંસ્કૃતિનું સવિશેષ મહત્વ છે. સંસ્કૃતિ વ્યક્તિની વ્યક્તિમત્તાને પોતાના રંગમાં રંગી દે છે. સંસ્કૃતિ ફક્ત માનવસમાજોમાં જ જોવા મળે છે. પશુઓમાં સમાજ તો હોય છે; પરંતુ સંસ્કૃતિ હોતી નથી. સંસ્કૃતિ વૈયક્તિક (individual) નહિ પરંતુ સામૂહિક છે. સંસ્કૃતિ શીખવાથી પ્રાપ્ત થાય છે. દરેક વ્યક્તિ સંસ્કૃતિની અંદર રહીને તેમાં ઊછરીને શીખતી જાય છે.

સંસ્કૃતિની અંદર જ્ઞાન, માન્યતા, કલા, નીતિ, કાનૂન, રિવાજ અને એવી ક્ષમતાઓ તેમજ ટેવો વગેરે જેવી બાબતોનો સમાવેશ થાય છે. સંસ્કૃતિએ જીવનની સંપૂર્ણ પ્રણાલી છે. એ માનવની પ્રાણીશાસ્ત્રીય આવશ્યકતાઓ દ્વારા ઉદ્ભવેલી છે. સંસ્કૃતિ એટલે, વ્યવહારમાં ઉપયોગી વસ્તુઓ, ઓજારો તેમજ રૂઢિઓ અને શારીરિક અથવા માનસિક ટેવોનો સમૂહ. માનવનું શારીરિક - માનસિક અસ્તિત્વ જે સાધનો દ્વારા ટકી શકે છે, એ સાધનોની સમગ્રતાને સંસ્કૃતિ કહે છે. ઐતિહાસિક વિકાસ અને સમય આવેલ પરિવર્તનની સાથો સાથ સંસ્કૃતિમાં પણ પરિવર્તન શક્ય બન્યું છે. જેના પરિણામ સ્વરૂપે એક સંસ્કૃતિમાં નવાં વિચારો જોડાય છે, અનેક જૂનાં વિચારોમાં પણ પરિવર્તન આવે છે, અને કેટલાંક વિચારોનો પણ અંત આવ્યો છે. આથી સંસ્કૃતિએ સતત વિકસતી પ્રક્રિયા છે. દરેક સંસ્કૃતિ ઓછી - વધતી ગતિએ હંમેશાં આગળ વધે છે. સંસ્કૃતિ એ બંધિયાર સરોવર નથી, પણ સતત વહેતી નદી છે.

ભારતનો ભવ્ય વારસો

' વારસો એટલે આપણને આપણા પૂર્વજોના તરફથી આપવામાં આવેલી એક અમૂલ્ય ભેટ છે. ' ભારતનો વારસોએ હજારો વર્ષ પુરાણો અને ભવ્ય છે. આ સમૃદ્ધ વારસા દ્વારા જ ભારતનું સમગ્ર જગતને પૂર્ણ માનવ જીવનના રહસ્યોનું યોગદાન એવું કહી શકાય.

ભારતએ દુનિયાનો એક પ્રાચીન દેશ હોવાને કારણે તેની ઉત્તમ પરંપરાઓ, સામાજીક મૂલ્યો, જૂની પુરાણી રૂઢિઓ, રીત – રિવાજ, પરિવાર વ્યવસ્થા સાથેની ખાસિયત ધરાવતા સાંસ્કૃતિક વારસાનું જતણ અને તેની જાળવણી કરવીએ આપની ફરજ બની ગઈ છે. પ્રાચીન સમયમાં ભારતની અંદાજીત ચોસઠ જેટલી કલાઓ હતી. આ કલાઓમાં હસ્તકલા, કારીગરી, હુન્નર ઉદ્યોગ, ચિત્ર, સંગીત, નાટ્યકલા, નૃત્યકલા વગેરે જેવી કલાઓનો સમાવેશ થાય છે. આપણા જુના સિક્કાઓ પણ ઘણા જ અમૂલ્ય હતા. ભૂતકાળમાં પણ વિદેશી મુસાફરો કે પછી ભારત ઉપર આક્રમણ કરનાર વ્યક્તિઓ ભારતની જાહોજલાલીથી જ આકર્ષાઈને ભારતમાં આવ્યા હતા. ભારતના આવા ભવ્ય વારસાને આપણે નીચે મુજબના બે વિભાગમાં વહેચી શકીએ.

(૧) ભારતનો પ્રાકૃતિક વારસો :-

" પ્રકૃતિ, પર્યાવરણ અને માનવ જીવનની વચ્ચે જો કોઈ નજીકનો સંબંધ હોય તો તે પ્રાકુતિક વારસાનું છે ". ભારતનો પ્રાકૃતિક વારસોએ ભવ્ય કુદરતની મળેલી એક

ISSN: 2349-6002

અમૂલ્ય ભેટ કહી શકાય. ભારતના આવા અમૂલ્ય વારસાની અંદર ઊંચા પર્વતો, નદીઓ, ઝરણાઓ, સાગરો, લાંબા દરિયાકિનારા, મોટા વિશાળ ફળદ્રુપ મેદાનો, ખીણ વિસ્તારો, રણ વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત જુદા – જુદા પ્રકારના વૃક્ષો, વનસ્પતિઓ, અલગ – અલગ પ્રકારના જીવજંતુઓ, પશુ – પક્ષીઓ, જુદા – જુદા પ્રકારના પ્રાણીઓ, અને ખનીજોનો સમાવેશ થાય છે. આપણે સૌ લોકો પ્રકૃતિના જ સંતાન કહી શકીએ. કારણકે આવી સુંદર પ્રકૃતિએ જ આપણે ખોરાક, પાણી અને શુદ્ધ હવા ઉપરાંત રહેવા માટે રહેઠાણ માટેની પણ સુંદર વ્યવસ્થા પણ કરી આપી છે.

પ્રકૃતિ સાથેનો આપણો વ્યવહાર પણ ઘણો જ શ્રદ્ધા અને આદરપૂર્વકનો રહ્યો હોવાના પણ ઘણા બધા ઉદાહરણો આપણને જુદી – જુદી જાતકકથાઓમાં કે વાર્તાઓમાંથી મળી રહે છે. આપણા લોકસંગીત, શાસ્ત્રીય સંગીતમાં પણ ઋતુઓ અને પ્રકૃતિ સાથેના સંબંધનું વર્ણન જોવા મળે છે. આપણા ગીતો, પ્રસંગો, કવિતાઓમાં, ચિત્રોની અંદર પણ પ્રકૃતિ અને ઋતુચક્ર વિશેનું પણ વર્ણન થયેલું જોવા મળે છે. આ ઉપરાંત નિસર્ગોપચાર, આયુર્વૈદિક, યુનાની જેવી ચિકિત્સા પદ્ધતિઓની અંદર પણ પ્રકૃતિનો ઉપયોગ થયેલો જોવા મળે છે.

(૧) ભૂમિ દ્રશ્યો :-

ભૂમિ આકારો દ્વારા કેટલાય નવા ભૂમિ દ્રશ્યોનું સર્જન થયેલું જોવા મળે છે. જેમ કે, હિમાલયનો પર્વત એ પણ એક પ્રકારનો ભૂમિનો જ આકાર છે. હિમાલયના પર્વત ઉપરથી મળી આવતી અનેક પ્રકારની ઔષધીય વનસ્પતિઓ, જુદા – જુદા પ્રકારના ખનીજો, પશુઓ – પંખીઓ અને બરફથી ઢંકાયેલા શિખરો જોવા મળે છે. આ સિવાય હિમાલયમાંથી વહેતી બારે માસ મોટી નદીઓ પણ પાણી સાથે વહેતી જોવા મળે છે. તરાઈના જંગલો પણ ત્યાં જ આવેલા છે, જેમાંથી પણ અઢળક વૃક્ષો, વનસ્પતિઓ, કિમતી ઈમારતી લાકડું પણ મળી રહે છે. તો વળી, હિમાલયમાં અમરનાથ, બદ્રીનાથ, કેદારનાથ, જેવા યાત્રાના સ્થળોની સાથે જ નંદાદેવી જેવા શિખરો પણ આવેલા હોવાને લીધે તે યાત્રાધામ તરીકે પણ જગ વિખ્યાત હોવાની સાથોસાથ ભારત માટે પણ ઘણું જ અગત્યનું પણ છે.

(૨) નદીઓ :-

પ્રાચીન સમયથી નદીઓ પ્રાકૃતિક રસ્તાઓ પુરા પાડી રહી છે. આપની ભારતીય સંસ્કૃતિ સિંધુ અને રવિ જેવી નદીઓના કિનારે વિકસી રહી છે.

સિંધુ, ગંગા, યમુના, ગોદાવરી, નર્મદા, કાવેરી, કૃષ્ણા અને સરસ્વતી જેવી ઘણી બધી નદીઓએ ભારતીય લોકોના જીવન ઉપર ઘણી ગાઢ અસર પાડેલી જોવા મળે છે. પીવા માટેનું શુદ્ધ પાણી, વપરાશ માટેનું પાણી, સિંચાઈ માટેનું પાણી, વીજળી, ખેતી, જેવી આપની અગત્યની જરૂરિયાતોને તૃપ્ત કરવા માટે નદીઓનું અમૂલ્ય યોગદાન રહેલું છે. આ ઉપરાંત પણ માટીના વાસણો, મકાનોમાં કરવામાં આવતા લીપણો, ઉદ્યોગોમાં પણ આ નદીઓના પાણીની ઘણી જ અગત્યતા રહેલી છે. એવું પણ કહેવું હોય તો ચોક્કસ પણે એવું પણ કહી શકાય કે, નદીઓના સહયોગથી જ માનવ જીવન સમૃદ્ધ બન્યું છે. તેના ઉપયોગ અને આશ્રયના માધ્યમથી જ આજે પણ આપણો વારસો સમૃદ્ધ બન્યો છે. તેથી જ આપણે નદીઓને ‘ **લોકમાતા** ’ તરીકેનું પણ બહુમાન આપીએ છીએ.

(૩) વનસ્પતિ જીવન :-

ભારતના લોકો પ્રાચીન સમયથી જ પર્યાવરણ પ્રેમી રહ્યા છે. તેમનો વૃક્ષો પ્રત્યેનો પ્રેમ, પુષ્પો પ્રત્યેનો પ્રેમ, નાના

 ISSN: 2349-6002

નાના છોડ પ્રત્યેની આદર ભાવના તેમની વનસ્પતિ પ્રત્યેની લાગણી બતાવે છે. માણસે, પ્રાણીઓએ, પશુ – પક્ષીઓએ પણ પોતાના ખોરાક માટે થઈને વનસ્પતિની ઉપર આધાર રાખવો પડે છે. ટો વળી, ભારતની અંદર વડ, પીપળો, તુલસી વગેરેની તો પૂજા પણ કરવામાં આવે છે અને તેમને ધૂપ – દીપ પણ કરવામાં આવે છે. વડ સાવિત્રીના વ્રતની પૂજા કરીને ભારતની સ્ત્રીઓ પોતાના પતિના લાંબા આયુષ્યની માંગણી પણ કરતી હોય છે. અનાજ, કઠોળ, તેલીબિયાના છોડ,ધન – ધાન્યથી લહેરાતા ખેતરો દ્વારા માનવ જીવન ધન્ય બની ગયું છે. હરડે, બહેડા, આંબળા અરડૂસી, લીંબડો, કુવારપાઠું વગેરે જેવી ઔષધીય વસ્તુઓ અને મોગરો, ગુલાબ, કમળ, સૂરજમુખી, ડમરો, ચંપો, નીશાગંધા, જુઈ જેવા પુષ્પોએ પણ માનવ જીવનની અંદર સુંદર, સુવાસિત, નિરોગી અને સમૃદ્ધ બનાવ્યું છે.

(૪) વન્યજીવન :-

પ્રાચીન સમયથી ભારત દેશ પ્રકૃતિ પ્રેમી હોવાની સાથોસાથ પરની પ્રેમી પણ રહ્યો છે. વાઘ, સિંહ, હાથી, ઘોડા, શિયાળ, ગેંડો, હરણ, રોઝ, સાબર, સસલા, અજગર, સાપ, નાગ, નોળિયો, શાહુડી, ઘો જેવા અનેક જીવો જોવા મળી રહ્યા છે. દુનિયાની અંદર એશિયાટિક સિહો માત્ર ગુજરાતના ગીરના જંગલોમાં જ જોવા મળે છે. આપણી કેટલીક ધાર્મિક માન્યતાઓ અનુસાર લોકોએ કેટલાક વન્યજીવોને વાઘ, મગર, મોર, ગરુડ, સિંહ વગેરેને દેવ – દેવીઓના વાહન તરીકે પણ ઓળખવામાં આવતા હતા. આપણા દેશની રાષ્ટ્રમુદ્રામાં પણ ચાર સિંહ, ઘોડા, હાથી અને બળદની આકૃતિ તેમનું ઘણું મૂલ્ય આક્યું છે. ટો વળી, લુપ્તપ્રાય વન્યજીવોના રક્ષણ માટે પણ અભયારણ્યો બનાવીને તેમની સલામતી અને રક્ષણ માટે પણ ઘણા કાયદાઓ ઘડવામાં આવ્યા છે. આ કાયદાઓના માધ્યમથી તેમની રક્ષા પણ કરવામાં આવી રહી છે.

ભારતનો સાંસ્કૃતિક વારસો

ભારત દેશે દુનિયાને વિવિધતાપૂર્ણ અને સમૃદ્ધ વારસાની ભેટ આપી છે. સાંસ્કૃતિક વારસો એટલે કે માનવસર્જિત વારસો. માનવીએ પોતાની આવડત, બુદ્ધિચાતુર્ય,કુનેહના માધ્યમથી અને કલા – કૌશલ્ય દ્વારા જે કાંઈ મેળવ્યું કે તેનું નવું સર્જન કર્યું છે તેને સાંસ્કૃતિક વારસા તરીકે ઓળખવામાં આવે છે. આર્યોથી માંડીને શકો, ક્ષત્રપ, કુષાણ, હુંણ, ઈરાનીઓ, તુર્ક, આરબો, મુઘલો, પારસીઓ, અંગ્રેજો, ફ્રેંચો વગેરે જેવી અલગ – અલગ જાતિના લોકો ભારતમાં આવીને વસ્યા હતા. આ બધા જ લોકોની વચ્ચે થયેલ આદાન – પ્રદાનને લીધે આપણી ભારતીય સંસ્કૃતિ સમૃદ્ધ બની છે.

પ્રાગઐતિહાસિક સમયથી ભારતે દુનિયાના લોકોને ઘણી બધી બાબતોની ભેટ આપી છે. ઉદાહરણ તરીકે જોઈએ તો, શિલ્પ સ્થાપત્યકલા અંદાજીત ૫૦૦૦ વર્ષ જેટલી પ્રાચીન છે. જેની અંદર આપણે સિંધુખીણ સંસ્કૃતિના જુના અવશેષોને પણ ગણી શકીએ છીએ. જેમાં તે સમયે ખોદકામ કરતા મળી આવેલ દેવી – દેવતાઓની મૂર્તિઓ, પ્રાણીઓ અને રમકડા તેમજ દાઢીવાળા પુરુષનું શિલ્પ અને નૃત્ય કરતી નર્તકીની મૂર્તિ જોઇને આપણને આપણા સાંસ્કૃતિક વારસા પ્રત્યે ચોક્કસ ગૌરવ અનુભવાય છે. મૌર્ય સમય દરમિયાન ઊંધા કમળની આકૃતિ ઉપર સિંહ અને વૃષભનું શિલ્પ, બુદ્ધની પ્રજ્ઞા પારમિતાનું શિલ્પ, સારનાથની ધર્મચક્ર પ્રવર્તનવાળી મહાત્મા બુદ્ધની પ્રતિમા અને કાલખંડની જૈન તીર્થંકરોની પ્રતિમાઓ, રાષ્ટ્રકૂટ રાજાઓના સમયની ઈલોરાની ગુફાઓ જોતા જ આપણને

 ISSN: 2349-6002

આપણા આવા ભવ્ય વારસા પ્રત્યે જરૂર માન અને ગૌરવની લાગણી અનુભવાય છે.

આપણા સાંસ્કૃતિક વારસાની અંદર મંદિરો, શિલાલેખો, સ્તુપો, વિહારો, ચૈત્યો, મકબરાઓ, મસ્જિદો, કિલ્લાઓ, ગુબંજો, રાજમહેલો, દરવાજાઓ, ઈમારતો, ઉત્ખન્ન કરેલા સ્થળો તેમજ ઐતિહાસિક સ્મારકોનો સમાવેશ થાય છે. આપણા સ્વાતંત્ર્ય સંગ્રામના ઐતિહાસિક સ્થળો જેવા કે, સાબરમતી આશ્રમ, દાંડી, બારડોલી, વર્ધા, શાંતિ નિકેતન (કોલકાતા) દિલ્લી વગેરે પણ સાંસ્કૃતિક વારસાના સ્થળો તરીકે ગણાવી શકીએ છે. આ સિવાય ભાષા, લિપિ, અંકો, શૂન્યની શોધ, ગણિત, પંચાંગ, ખગોળની ઘટનાઓ, લોખડ, સાહિત્ય, ધર્મ, યુદ્ધની રણનીતિ, રથ, રાજ્યશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, વાસ્તુશાસ્ત્ર, ધર્મો, ગણતંત્ર, ન્યાયતંત્ર, વિધિ – વિધાન, પર્યાવરણની સુરક્ષા જેવી ઘણી મહત્વની શોધો પણ ભારતમાં થઇ છે જેના લીધે જ ભારતનો આવો ભવ્ય વારસો આજે પણ દુનિયાના દેશો માટે ભવ્ય અને નમુના રૂપ કહી શકાય તેમ છે.

## સંદર્ભ સૂચી


[1] સી. જમનાદાસ પ્રકાશન, ભારતીય સંસ્કૃતિના મુખ્ય પ્રવાહો

[2] સી. જમનાદાસ પ્રકાશન, ભારતીય સંસ્કૃતિ

[3] ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ

[4] Wikipidia